ક્રમાંક : : જમન/૨૯/બ/એ/૬૬૪૧-૧૫ /૧૪-૧૫

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી

ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા :૧૫/૧૦/૨૦૧૪.

**વિષય : National Optical Fiber Network (NOFN) Project** માટે વન સંરક્ષણ ધારા અંતર્ગત વન જમીનના ડાયવર્ઝન બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આ સાથે ભારત સરકારના 'રેલટેલ કોર્પોરેશન' તરફથી મળેલ પત્રની નકલ સામેલ છે. તેઓના પત્રમાં જણાવ્યા અનુસાર રાજયની તમામ ગ્રામપંચાયતોને નેશનલ ઓપ્ટીકલ ફાઇબર નેટવર્ક પ્રોજેક્ટ અંતર્ગત બ્રોડબેન્ડ કનેક્ટીવીટીથી જોડવાના થાય છે. આ માટે સમગ્ર રાજયના ઓપ્ટીકલ ફાઇબર કેબલ લાઇન નાખવા માટે તમામ જીલ્લાઓમાં વન જમીનના ડાયવર્ઝન માટે યુઝર એજન્સી દ્વારા દરખાસ્ત રજૂ કરવામાં આવશે. આ દરખાસ્તોને ટોચ અગ્રતા આપી, અત્રેની કચેરીએ ઓનલાઇન દરખાસ્ત સાદર થાય તે સારૂ તેમજ દરખાસ્તની હાર્ડકોપી તૈયાર કરવા માટે યુઝર એજન્સીને જરૂરી વિગતો/માર્ગદર્શન અપાય, તે માટે સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રીઓને જરૂરી સુચનાઓ અપાઇ જવા વિનંતી છે. દરખાસ્તની હાર્ડકોપી મળેથી ટોચ અગ્રતા આપી વિના વિલંબે પ્રોસેસ કરવા તાબાના નાયબ વન સંરક્ષકશ્રીઓને સુચના અપાઇ જવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે, વર્તુળ કક્ષાએ તાબાના વન વિભાગોની દરખાસ્તોને સંકલીત કરી અત્રે સાદર કરવા કાળજી રાખવા વિનંતી છે.

( કબૂલ ચંદ )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી,
સામાજીક વનીકરણ વર્તુળ, અમદાવાદ.
વન વર્તળ, ગાંધીનગર.
વન સંરક્ષકશ્રી,
સામાજીક વનીકરણ વર્તુળ, મહેસાણા, રાજકોટ, ભરૂચ.

નકલ સવિનય રવાના : સંયુક્ત સચિવશ્રી (IT), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં.૭, ૫ મો માળ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

નકલ રવાના : શ્રી સુમિત મિશ્રા, Additional Genral Manager, National Optical Fiber Network (NOFN) Project

૨/- દરખાસ્તોના ઓનલાઇન સબમીશન તથા દરખાસ્તની હાર્ડકોપી તૈયાર કરવા જીલ્લાના સંબંધિત સામાજીક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રીઓનો સંપર્ક સાધવા વિનંતી છે.